# બાવન ઘાટી

—: રચનાર :—

પીર સદરૂદીન સાહેબ

સને ૧૯૫૦

# સાકળીયું.

## બાવન ઘાટી


| નંબર | વિષય | પાનું |
|---|---|---|
| ૧ | ત્રણ વખતની ધુઆ ગુમાવનાર, ગતમાં નહી આવનારને અટકાવનારી ઘાટી. | ૧ |
| ૨ | પર નારી ગમન કરનાર માટે ઘાટી. | ૨ |
| ૩ | હરીના ખોટા સમ ખાનારને માટે ઘાટી. | ૨ |
| ૪ | જુઠું બોલનારને માટે ઘાટી. | ૨ |
| ૫ | ધરમ કરે તેને વારનારને માટે ઘાટી. | ૩ |
| ૬ | લાંચ ખાનાર મોમનને માટે ઘાટી. | ૩ |
| ૭ | હાજર ઇમામને ઓછું કરી જાણનારને માટે ઘાટી. | ૪ |
| ૮ | કન્યાદાન ખાઇ જનાર માટે ઘાટી. | ૪ |
| ૯ | શુક્રવારી બીજ નહી રાખનાર માટે ઘાટી. | ૫ |
| ૧૦ | જ્ઞાન ધ્યાન ઓછું કરી જાણનારને સજા, | ૫ |
| ૧૧ | શરાબ, તમાકુ, વ્યાજ ખાનાર માટે ઘાટી. | ૬ |
| ૧૨ | ગીનાન બોલે, ભગત કહેવાય પણ નહી પાળનાર માટે ઘાટી. | ૬ |
| ૧૩ | પટેલ થઈ નાતને અને ગરીબને દુઃખ આપનારને માટે ઘાટી. | ૭ |
| ૧૪ | વજનમાં ઓછું દેનાર વેપારીને સજા. | ૭ |
| ૧૫ | ક્રીડા કરવા બાદ નાવાની આળસ કરનારને માટે ઘાટી. | ૮ |
| ૧૬ | ગત ગંગાને ઓછું કરી જાણનારને માટે ઘાટી. | ૮ |
| ૧૭ | મોમનને દુઃખ દેનાર, પારકું પોતાનું કરી લેનાર માટે ઘાટી. | ૯ |
| ૧૮ | બેનનો માલ ખાનારને માટે ઘાટી. | ૯ |
| ૧૯ | માત પીતાને દુઃખવનાર માટે ઘાટી. | ૧૦ |
| ૨૦ | દાન દેનારને ના પાડનાર માટે ઘાટી. | ૧૦ |
| ૨૧ | જીવ હલાલ કરનાર માટે ઘાટી. | ૧૧ |
| ૨૨ | મોમન થઈ જીભ ઘણી હલાવનાર, સારૂં નરસું બોલનાર માટે ઘાટી. | ૧૧ |
| ૨૩ | જ્ઞાન સુણી નહી પાળનાર માટે ઘાટી. | ૧૨ |
| ૨૪ | મોમન થઈ જોગી જતીને માનનાર માટે ઘાટી. | ૧૨ |

૨૫ મોમન થઇ જોષ જોવરાવનાર માટે ધાટી. ૧૩
૨૬ મોમન થઇ ઝેર દઈ મારે અગર તલવારથી મારે તેને માટે ધાટી. ૧૩
૨૭ વાટ પાડુ મોમનને માટે ધાટી. ૧૪
૨૮ કોઇને દુઃખવનાર માટે ધાટી. ૧૪
૨૯ દીકરીને મારનાર તથા ખોટી આળ ચડાવનાર માટે ધાટી. ૧૫
૩૦ મુખી થઇને ક્રિયા નહી પાળનાર માટે ધાટી. ૧૫
૩૧ સુતકની પરહેજ નહિ રાખનાર તથા પર પુરૂષ સાથે પ્રીત રાખનાર
સ્ત્રી માટે ધાટી. ૧૬
૩૨ કાચે માસે બાળક પાડનાર માટે ધાટી. ૧૬
૩૩ જમાતનો મોટો માણસ થઈ ગરીબને દુભવનાર માટે ધાટી. ૧૭
૩૪ નીયાજ પી કાંકણ બંધાવી તેની લાજ નહી જાળવનાર માટે ધાટી. ૧૭
૩૫ મારગ છોડી ઉમારગે ચાલનાર માટે ધાટી. ૧૮
૩૬ સતપંથી થઇ ગત ગંગામાં નહિ આવનાર માટે ધાટી. ૧૮
૩૭ જીવ હીંસા કરનાર માટે ધાટી. ૧૯
૩૮ દશોંદ દેતાં મન વીમાસનાર તથા દશોંદ પુરી નહી દેનાર માટે ધાટી. ૧૯
૩૯ હાઝર જેમાને ઓછું કરી જાણનાર માટે ધાટી. ૨૦
૪૦ નુર વખત ગુમાવનાર માટે ધાટી. ૨૧
૪૧ જીવનો તથા હાડનો વેપાર કરનાર મોમન માટે ધાટી. ૨૧
૪૨ નાડ વશ નહી રાખનાર માટે ધાટી. ૨૨
૪૩ પારકો હક ભાંગનાર માટે ધાટી. ૨૨
૪૪ અવતાર પાત્રનો હક નહી આપનાર માટે ધાટી. ૨૩
૪૫ પાણીની પુજા કરનાર મોમન માટે ધાટી. ૨૩
૪૬ નાગને માનનાર મોમન માટે ધાટી. ૨૩
૪૭ પારકો હરામ માલ ખાનાર માટે ધાટી. ૨૪
૪૮ કોઇની બહેન દીકરી વરાવવામાં લાંચ ખાનાર મોમન માટે ધાટી. ૨૪
૪૯ નુર વખતમાં ગાફલ રહેનાર માંટે ધાટી. ૨૫
૫૦ મુરશીદની શિખામણ નહી માનનાર માટે ધાટી. ૨૫
૫૧ પીર થઇને રાહ નહી દેખાડનાર માટે ધાટી. ૨૫
૫૨ હકીકતી મોમન માટે ધાટી. ૨૬

અલ્લાહુ તોહાર

# બાવન ઘાટી

(જ્યારે માણસ મરી જશે અને અમરાપુરીમાં જશે, ત્યારે રસ્તામાં બાવન ઘાટીઓ છે, ત્યાં ફિરસ્તા બેઠા છે, જે બંદા દુનિયામાં અધરમ કરશે અને આવો સતપંથ છે તે નહિ પાળશે, તે બંદાને આ બાવન ઘાટીમાં બેઠેલ ફિરસ્તા રોકી રાખશે. તે વાતો હકીકતીને સંભળાવેલ છે.)

શ્રી સતગુર ભીરમા હો વાચા, પીર સદરદીન હો વાચા.

## ઘાટી ૧ લી.

(ત્રણ વખતની દુઆ ગુમાવનાર, ગતમાં નહિ આવનારને અટકાવનારી ઘાટી.)

પહેલી ઘાટી તો વસમી જાણો, તે ઘાટી વસમી પીછાણો.

જે મોમન સતપંથી હોય અને ત્રણ વખત ગુમાવે, ત્રણ વખત દુઆ નહિ પડે, ગતમાંહે નહિ આવે તે પહેલી ઘાટીમાં રોકાઇ રહેશે. ત્યાં ફિરસ્તો અશરાફીલ બેઠો છે. તે ઘાટીમાં બંદાને રોકી રાખશે, તરસ્યો ભુખ્યો ત્યાં બહુ દુઃખ સેહશે.

ચેતો વીરા ચેતીને ચાલો, ત્રણ વખત દુઆ તમે કાંઇ ગમાવો.

# ઘાટી ૨ જી.

## (પર નારી ગમન કરનારને માટે ઘાટી.)

બીજી ઘાટી પરનારીની જાણો, તે ઘાટી દોહેલી પીછાણો.

જે પુરૂષ પરનારીસું ચાલશે, તે બીજી ઘાટી માંહે રોકાઇ રહેશે, આગળ ચાલી નહિ શકે. ત્યાં ફિરસ્તો મેગ બેઠો છે, તે બંદાને રોકી દેશે. પરનારી તમે એવી ભુંડી જાણો, એણે બંદે સતધરમ ગમાવીયા.

વીચારો વીરા ચેતીને ચાલો, સતગુર કહે સો મનથી પાળો.

# ઘાટી ૩ જી.

## (હરીના ખોટા સમ ખાનારને માટે ઘાટી.)

ત્રીજી ઘાટી કરડી કમાનની જાણો, એવી દોહેલી ઘાટી પીછાણો.

જેમ કમાનમાંથી તીર ચાલે, તેમ બંદાને રોજ ધોડાવે; ત્યાં ફિરસ્તો અશલી બેઠો છે, જે બંદા હરીના ખોટા સમ ખાશે, તેનો એ ઘાટીમાં ઉતારો થાશે.

એવું જાણી સતપંથીને સમ ખાવા નહિ,
સમ ખાશો તો રહેશો રોકાઇ.

# ઘાટી ૪ થી.

## (જુઠું બોલનારને માટે ઘાટી.)

ચોથી ઘાટી ચાર ખાણની જાણો, મહા વસમી એ ઘાટી પીછાણો.

ત્યાં ફિરસ્તો મહા કાળ બેઠાછે, જે સતપંથી થઇને જુઠું બોલે, દીઠા વિના જે વાત કહે, તે ત્યાં રોકાઇ રહે; નીતોનીત તેને ખાડામાં ડુબાવશે; એવા દુઃખ ત્યાં વસમા સહેશે.

એવું જાણી અજાણ્યું મ બોલો, જુઠ તજીને સાચજ બોલો.

# ઘાટી ૫ મી.

## (ધરમ કરે તેને વારનારને માટે ઘાટી.)

પાંચમી ઘાટી તો અધરમીની જાણો, સત કરી સહી પરમાણો.

જે કોઇ અહીં ધરમ કરે તેને કરતાંજ વારે, તે પાંચમી ઘાટી-માંથી નવ સધારે; ત્યાં ફિરસ્તો જીગર જાણો, ધરમ કરતાં કેને રખે વારો.

તે પાંચમી ઘાટીમાં રહેશે રોકાઇ, તે સાચું કરી જાણો ભાઇ.

# ઘાટી ૬ ઠી.

## (લાંચ ખાનાર મોમનને માટે ઘાટી.)

છઠી ઘાટી તો ઘણી દોહેલી જાણો, એ ઘાટી તો વસમી પીછાણો.

નારભ ફિરસ્તો, ત્યાં રહેવે, તે માણસને ઘણુ દુખજ દેવે; મોમન થઈ જો લાંચજ ખાશે, તે છઠી ઘાટીમાંહે રોકાશે. તે છઠી ઘાટીનું દુઃખ એવું છે, નીતો નીત કુંડમાંહે પાડશે, તેને આગળ ચાલવાની રજા નહી જડશે; તેને નારભ ફિરસ્તો નીત ઉઠી મારે, મોમન તેજે આપ વીચારે, ને સાહેબ ધીઆવે.

મોમન થઈને જીવને તારે, પણ મોમન લાંચ પારકી તીલભાર ન ખાવે.

# ઘાટી ૭ મી.

(હાઝર ઈમામને ઓછું કરી જાણનારને માટે ઘાટી.)

સાતમી ઘાટી તો એ બારાની જાણો,
જેમ ડુંગર વચે એક પાણ પીછાણો.

આલ ઇમામને ઓછું કરી માનશે જેહ, સાતમી ઘાટીમાંહે રોકાઇ રહેશે તેહ; નીતો નીત તે મારજ ખાશે, જે આલ ઇમામને ઓછું કરી માનશે;

સંપત હોય તેવો દાનજ દ..એ, નહી તો સાતમી ઘાટીમાંહે માર
ખાઇને રોકાઈ રહીએ.

# ઘાટી ૮ મી.

( કન્યાદાન ખાઇ જનારના માટે ઘાટી. )

આઠમી ઘાટી તો કન્યાદાનની જાણો, એ ઘાટી તમે વસમી પીછાણો.

કન્યાદાન જે કોઈ ખાશે. આઠમી ઘાટીમાંહે તે રોકાઈ રહેશે; સુર ફિરસ્તો બેઠો છે જ્યાં. અતી દુ:ખ દેશે માણસને ત્યાં. કન્યાદાન જેણે દુનિયામાં ખાયા, નીતોનીત તેણે દુ:ખજ પાયા. તે આઠમી ઘાટીમાંહે એક સુલાખ જાણો, ત્યાં વાટ દોજક કેરી પીછાણો; ત્યાંથી ધુંવા દોજકના આવે; તેણેથી બંદા બળતા આવે. કન્યાદાન જે કોઈ દુનિયામાં ખાશે, તે બંદાના એવા હવાલ થાશે,

સતપંથીકું એ કામ હરામ જાણો, આઠમી ઘાટી એવી દોહેલી પીછાણો

# ઘાટી ૯ મી.

(શુકરવારી બીજ નહિ રાખનારને માટે ઘાટી.)

નવમી ઘાટી વસમી કહીએ, તે ઘાટી દોહેલીમાં કબી ન રહીએ.

તે ઘાટી તો રૂકનીજ જાણો. જુગ ઉકાર તે ઘાટીનું નામ પીછાણો; ત્યાં ફિરસ્તો અગેઆની બેઠો, જેશો રૂપ શીરંગી બેઠો; જે કોઇ મોમન શુકરવારી બીજ રાખશે નહી, પણ બીજ શુકરવારી વરત મોમનનું સહી.

જે કોઇ મોમન વરત નહી રાખશે,
તે તો મોમન નવમી ઘાટીમાંહે રોકાશે.

# ઘાટી ૧૦ મી.

(જ્ઞાન ધીઆન ઓછું કરી જાણનારને સજા)

દશમી ઘાટી મહા દોએલી જાણો, જેસી કાગકી ચાંચ પીછાણો.

એવી ઘાટી વસમી જાણો, ત્યાં ફિરસ્તો કલંક બેઠો છે, જે કોઇ મોમન પીર પોતાનાને નહિ માને, જ્ઞાન ધીઆન ઓછું કરી જાણશે; પીરનું વચન સીર ઉપર નહી રાખશે, તે ત્યાં દસમી ઘાટીમાંહે રોકાઇ રહેશે.

મોમન તે જો વેદને પારે વેદજ માને, વેદને ન માને તે ત્યાં રોકાઇ
રહેશે, અને મારજ ખાશે.

# ઘાટી ૧૧ મી.

(શરાબ, તમાકુ, વ્યાજ ખાનાર માટે ઘાટી.)

અગીયારમી ઘાટી દોહેલી જાણો,
એ મોમનભાઇ તમે સહી કરી પીછાણો.

જે મોમન થઇને ગતમાં નહિ મળે અને જ્ઞાન ધીયાનનો ભેદ નહિ પાવે અને શરાબ વ્યાજ તમાકુ ખાવે તે એ ઘાટીમાંહે મહા દુઃખ પાવે. અગીયારમી ઘાટી દોહેલી જાણો. જીકર ફિરસ્તો ત્યાં બેઠો પરમાણો. શરાબી વ્યાજી તમાકીને મારજ દેશે, તેને નીતો નીત ઉંધો ટાંગશે. જોર ત્યાં કેનું નહિ ચાલે; આરબી રૂપે ફિરસ્તો મારજ આલે, મોઢામાંહેથી કાઢે લોહી, અતી દુઃખ તેણેથી હોવે.

શરાબ વ્યાજ ભાંગ તમાકુથી એવા દુઃખ હોય, તે તમો વીચારી જોય.

# ઘાટી ૧૨ મી.

(ગીનાન બોલે, ભગત કહેવાય પણ નહિ પાળનાર માટે ઘાટી.)

બારમી ઘાટી બહુ વાંકી જાણો. ત્યાં બહુ દાબ દીએ બળથી પરમાણો.

એ ઘાટી તે વસમી આપ, ત્યાં તે રહેશે જેણે મશમ કીધાં પાપ, ત્યાં ફિરસ્તો સકલ બેઠો પરમાણો. હાથમાંહે તેને ખંજર જાણો. દુનિયામાં જે કોઇ ગીનાનજ બોલે આપે પુરો ભગત કીલાવે, પોતે ગીનાનની રાહ ન પાળે, તે ફિરસ્તા શકળને હાથેથી ઘણ દુઃખજ પાવે અને માર ઘણેરી ખાવે.

# ઘાટી ૧૩ મી.

## (પટેલ થઈ નાતને અને ગરીબને દુઃખ આપનારને માટે ઘાટી.)

તેરમી ઘાટી વસમી જાણો, તે જેવી તરવારની ધાર પીછાણો.

ધારે પગ વઢાઈ જાશે, વસમી ઘાટી એવી થાશે; ત્યાં ફિરસ્તો તયબ બેઠો; જે મોમન થઈને પટેલ કહેવાશે, હાકમી કેરો જોર દેખાડે; નાત જાતને દુઃખજ આલે. ગરીબ ગુરબાની દયા ન પાલે, તેને તેરમી ઘાટીમાં રાખશે; નીતોનીત તરવારની ધાર ઉપર ચલાવશે. એવું જાણી મનમાં બીક આણો, તેરમી ઘાટી એવી દોહેલી પીછાણો.

મોમન થઈને દયા ન લાવે, તે ત્યાં એવા દુઃખ પાવે

# ઘાટી ૧૪ મી.

## (વજનમાં ઓછું દેનાર વેપારીને માટે ઘાટી.)

ચઉદમી ઘાટી તો એવી વસમી જાણો જ્ઞાન ધીયાનની વાત પીછાણો.

ત્યાં ફિરસ્તો મકવ વસે તેની જીભીયા મોટી હશે; દાંતુ સાથે તે કરડી લેશે; દુનિયામાં જેણે વેપારજ કીધા; તોલ માપ ઓછા કરીને ઓછા દીધા; માપ ઓછો મોમનભાઈ નવ કીજે; કુડું બોલીને ઓછું ન દીજે; જે કોઈ કુડું બોલીને ઓછું દેશે, તે ચઉદમી ઘાટીમાં મારજ ખાશે; નીતો નીત તેની જીભ દાંતુ સાથે કરડાવશે; એવું જાણીને ઓછું નવ દીજે.

અને મોમન થઈને કુડું મત બોલજો, નહી તો ઘણું દુઃખ પામશો.

# ઘાટી ૧૫ મી.

## ( ક્રિડા કરવા બાદ નાવાની આળસ કરનારને માટે ઘાટી. )

પંદરમી ઘાટી વસમી કહીએ, ત્રાગડા જેવી ઝીણી જાણો,

પુરખ નારીની તે ઘાટી પીછાણો. પુરખ નારી પોતામાં બેસી રમત કરીયા હસી, પોતાપોતામાં બોલીયા વાણી, નાયા ધોયાની આળસ કીધી જાણી; પંદરમી ઘાટી માંહે રોકાણા તે પાપે; જેણે શરમ નહી રાખ્યો આપે; ત્યાં ફિરસ્તો સાફી બેઠો, જે કોઇ મોમન નાયા ધોયાની આળસ કરશે તેને ત્યાં ત્રણ દાડા ભુખ્યો રાખશે.

એવું જાણીને નાયા ધોયાની આળસ કરશો, તો ત્યાં એવા દુઃખ પામશો.

# ઘાટી ૧૬ મી.

## (ગત ગંગાને ઓછું કરી જાણનારને માટે ઘાટી.)

સોલમી ઘાટી તો સુઇના નાકા જેવી સાંકડી જાણો, એ ઘાટી તો બહુ વસમી પીછાણો.

જે મોમન થઇ ગતગંગામાં પાપ ઉતરાવે. ફરી ગતની વાત નહી પાળે; ગત ગંગાને ઓછું કરી માને જેહ. સોલમી ઘાટીમાં રોકાઇ રહેશે તેહ; ત્યાં ફિરસ્તો અજાસ કરી બેઠો છે, તે બેસી ત્યાં કરશે પુકાર; જેણે ગતમાં બેસી પાપ ઉતરાવીયાં, પાછા ફરીને બીજા કીધાં; તેને ત્યાં ફિરસ્તો તાણી બાંધશે; મોકમ ત્યાં મારજ દેશે.

મોમન થઈને ગતને નહી માનશે, તે સોલમી ઘાટીમાંહે રોકાઇ રેશે.

# ઘાટી ૧૭ મી.

## (મોમનને દુઃખ દેનાર, પારકું પોતાનું કરી લેનાર માટે ઘાટી.)

સતરમી ઘાટી મહા વસમી કહીએ,
એ ઘાટીની કઠણાઇનો તો પાર ન લહીએ.

જેણે દુનિયામાં મોમનને દુઃખજ દીધું, પારકું જાણી પોતાનું કીધું: ઇન્સાફ મનમાં કીધો નહિં, તે રોકાશે સતરમી ઘાટી માંહી; ત્યાં ફિરસ્તો અદલ બેઠો, તે બંદાનું અદલ કરશે અને પુછશે જે તમે દુનિયામાં મોમનને બહુ દુઃખજ દેતા.

મળેલાં માલ સારૂ સાહેબનું શુકરાનુ નવ કરતા તે સારૂ સતરમી
ઘાટીમાંહે રોકાઇ રહેતા.

# ઘાટી ૧૮ મી.

## (બેનનો માલ ખાનારને માટે ઘાટી.)

અઢારમી ઘાટી બહુ ઉંચી જાણો, સાત ગાઉમાંહે ચડાઉ પીછાણો.

જે કોઈ દુનિયામાંહે પોતાની બેનનો માલજ ખાશે, તે ત્યાં અઢારમી ઘાટીમાંહે રોકાઇ રહેશે, મોમન થઇને પોતાની બેનનો માલજ ખાશે, તે બંદાને નીતોનીત ઘાટીમાંહે ઉંચો ચડાવશે, તે બંદા ત્યાં ચડતો આંધળો થાશે, ત્યાં ફિરસ્તો મેકાન બેઠો. તે માર જ દેશે ને ઉપર ચડાવશે, જે કોઇ મોમન થઇને બેનનો માલજ ખાશે તે જીવ ત્યાં રોકાશે.

માહાદન સુધી મારજ ખાશે, એવું જાણી માલ બેનનો મ ખાજો.

# ઘાટી ૧૯ મી.

(માત પિતાને દુઃખવનારને માટે ઘાટી.)

ઓગણીસમી ઘાટી જેવી ખંડાની ધાર,
જેવી ભાદરવે વીજ ચમકે અપાર.

એવી ઘાટી તો દોહેલી જાણો, ત્યાં ફિરસ્તો જબર પરમાણો; તે નીતો નીત ઉઠી તેને ઉપર ચલાવે, ફરી તેને નીચો ચલાવે; જે કોઈ દુનિયામાં મોમન હોવે, માત પિતાને દુઃખવતો રહેવે; જે કોઇ માત પિતાના હકમાં નહિ રહેશે તેને ઓગણીસમી ઘાટીમાંહે ઉતારો દેશે.

એવું જાણીને વીચારી ચાલો, માત પિતાને દુઃખજ મ આલો.

# ઘાટી ૨૦મી.

(દાન દેનારને ના પાડનાર માટે ઘાટી.)

વીસમી ઘાટી સરતોલની જાણો,
જેમ ત્રાજવા તોલાની કપાણ બાંધી પરમાણો,

વીસમી ઘાટી બહુ દોહેલી પીછાણો; ત્યાં ફિરસ્તો અદલ બેઠા જાણો; જેણે દુનિયાંમાહે દાનજ કીધાં, તેને દાન દેતાં જેણે ના હા કીધાં, તેને ત્યાં ઘણો દુઃખ થાશે, વીસમી ઘાટીમાંહે તે રોકાશે,

ઉંચો નહિ ચડશે લગાર અને વીસમી ઘાટીમાંહે ખાશે માર.

# ઘાટી ૨૧મી.

## (જીવ હલાલ કરનાર માટે ઘાટી.)

એકવીસમી ઘાટી વ્હાહેલી જાણો, તે મહા વીકટ પરમાણો.

જેમ આળા ચામડામાંહે તેલજ નહિ, તે ચામડો સુકો કહેવાશે સહી, જે મોમન જીવ હલાલજ કરે, તેને એ ઘાટીમાંહે ઉતારે, સુકા ચામડામાંહે વીંટશે, નીતોનીત એવા હવાલજ થાશે.

મોમન ભાઇએ જીવ મારવો નહિ, ને કયાં જીભ હલાવવી નહિ.

# ઘાટી ૨૨ મી.

## (મોમન થઇ જીભ ઘણી હલાવનાર, સારૂં નરસું બોલનાર માટે ઘાટી.)

બાવીસમી ઘાટી તો એવી જાણો, જેવો કુવાનો કીનારો.

તે તો મહા સખત દીસે, ત્યાં જીવનો કીનારા ઉપર ઉતારો થશે. ત્યાં ફિરસ્તો રહેમતલા બેઠો, તે જીવને નીતો નીત કુવામાં નાંખશે, જે જીવ દુનિયામાંહે મોમન કીલાવે, મોમન થઇને જીભ ઘણી હલાવે, કેને સારૂં નરસું બોલતા લાજ ન આવે, પર પુઠે બેસીને નીંદા કરે, બીજાને કરાવે, મન માંહે સાહેબની બીક ન લાવે, ઉંડે કુવાને કીનારે ઉતારો પાવે; મોમનને એ કામ કરવા નહિ, એ કામ કરશે તે જીવના તો એવા હાલ થશે. તેને મલાએક જાલી બેઠા હશે.

નીતો નીત કુવામાંહે ડુબકી દેવરાવશે,
મોમનને તો એ કામ ન જોઇએ.

# ઘાટી ૨૩ મી.

## (જ્ઞાન સુણી નહિ પાળનાર માટે ઘાટી.)

ત્રેવીસમી ઘાટી તો એવી જાણો, જેવો સુકો લાકડો પીછાણો.

એ ઘ ટી તો એવી કહીએ, મહા વસમી એ ઘાટી કહીએ; ત્યાં ફિરસ્તો એબરાર રહે છે, જે મોમન થઇને ગતમાંહે આવે, ગત માંહે ગીનાન સુણીને પાળે નહિ.

તેને તો ત્યાં સુકે લાકડે બેસાડે બરાબર કરી માર દેવરાવે.

# ઘાટી ૨૪ મી.

## (મોમન થઈ જોગી જતીને માનનાર માટે ઘાટી.)

ચોવીસમી ઘાટી મહા વસમી કહીએ,
જેમ નીરના કુંડ માંહે અવતારજ લઇએ.

નીરના કુંડ જેવી વાટજ કહીએ, ચાલતાં ચાલતાં કુંડમાંહેજ રહીએ. ત્યાં ફિરસ્તો વિશ્વાસ રહે છે. તે ફિરસ્તો આગે જોગી હતો, જોગ મારગે અતિ ચિંતા કરતો, તે કારણ એ ઘાટીમાં અવતારજ ધરીઓ. તે ફિરસ્તો એ ઠામજ રહે છે, તે માટે જે કોઇ મોમન થઇને દુનિયામાંહે જોગી જતીને માનશે. તે તો ચોવીસમી ઘાટી માંહે રોકાઇ રહેશે, તેને ત્યાં નીરના કુંડમાંહે સવા પહોર સુધી નીતો નીત ડુબાવશે; મોમન થઇને પોતાનો ધરમ મેલી ચારે ચરબટે જાશે,

જોગી જંગમી ઉપર ભાવજ રાખે, તેને ત્યાં એવા દુઃખજ થાશે.

# ઘાટી ૨૫મી.

## ( મોમન થઇ જોષ જોવરાવનાર માટે ઘાટી. )

પચીસમી ઘાટી તો મહા દોહેલી જાણો, જેવી વાટ કાચ કેરી જાણો.

ત્યાં ફિરસ્તો કાફર રહે છે, આગળ તે બ્રાહ્મણ હતો; ટીપણાં જોઇને જવાબ દેતો, સર્વે માણસનું તો ટીપણામાં જુઠો જોષ જોતો તે કારણ કાફર નામજ ધરેઓ તેને એ ઘાટી ઉપર રાખેઓ, તે માટે દુનિયા માંહે મોમન થઇને જોષ જોવે, જોવરાવે, એ જીવને એ ઘાટીમાં રોકશે; ને ફિરસ્તો કાફર નીતોનીત કાચમાં ફેરાવી માર ઘણી દેવરાવશે; તે માટે જે મોમન થઇને ગીનાન શાસ્ત્ર મનમાં ઓછા કરી જાણે, જોશ ઉપર પ્રીતી રાખે,

તે જીવ ઘણો દુઃખી થાશે. તે માટે ગીનાન ઓછા કરી માનવો નહિ.

# ઘાટી ૨૬મી.

## ( મોમન થઇ ઝેર દઈ મારે અગર તલવારથી મારે તેને માટે ઘાટી. )

છવીસમી ઘાટી જેવી લોહાની ભીંત જાણો.
તે ભીંતને રૂકની ધાર પીછાણો.

તે ઘાટી એવી વસમી જાણો, સવા ગાઉ માંહે તે પીછાણો; ત્યાં ફિરસ્તો હુકમી બેઠો, તેને તો ત્યાં ઉતારો કહીએ; જે કોઇ દુનિયામાંહે મોમન થઇને ઝેર દઇને કે તલવારથી મારે તે મોમન તે ઘાટીમાંહે રોકાઇ રહેશે, અતિ દુઃખ ત્યાં સેહશે.

એવું જાણી મ કરજો એવા કામ, નહિ તો એવો પામશો દામ.

# ઘાટી ૨૭ મી.

## (વાટપાડુ મોમનને માટે ઘાટી.)

સતાવીસમી ઘાટી ઘણી દોહેલી જાણો,
તે ઘાટી બહુ વીકટ પીછાણો.

એ ઘાટી જેવો સેરડો કહીએ. એક કોરે રગત વહે છે, એક કોરે પિન્ત વહે છે, તે વચ્ચે તો સેરડો કહીએ. તે ઘાટીમાં ફિરસ્તો મકસદ રહે છે. દુનિયામાં મોમન થઈ જે વાટ પાડે, લોક લુંટીને પોતે ખાશે, તે જીવને ત્યાં ઉતારો દેશે. તેને તો ફિરસ્તો નીતો નીત રગત પિન્ત પીવરાવશે, એવા હવાલ થાશે અને આગળ પણ ઘણો દુઃખી થાશે. મોમનને એવું કામ કરવું ન જોઈએ,

જે એ ભવમાં લાજ ગમાવીએ અને ગુરને લજાવીએ,
એથી તો ન જન્મીઆ તે ભલારે ભાઈ.

# ઘાટી ૨૮ મી.

## કોઈને દુઃખાવનાર માટે ઘાટી.)

અઠાવીસમી ઘાટી જેમ પાણી કહીએ, ચો ધારે જેમ પાણી વહેતા જાવે.

ત્યાં ફિરસ્તો સકર રહેવે. તે ફિરસ્તો બહુ કાળો કહીએ. જે મોમન થઈને કેને દુભાવે, તે નીતો નીત ત્યાં દુઃખ સેહશે. ને પાપે કરીને ત્યાં રોકાશે.

પાણી વહેતામાંહે સવા પહોર ડુબાવશે,
એવું જાણીને એવું કામ કરવું નહિ.

# ઘાટી ૨૯ મી.

## ( દીકરીને મારનાર તથા ખોટી આળ ચડાવનાર માટે ઘાટી )

ઓગણત્રીસમી ઘાટી દોહેલી જાણો, નીતાનીત ત્યાં બરફ વરસે છે.

હેમાળા જેવી તે ઘાટી જાણો. ત્યાં ફિરસ્તો ગગીઆત બેઠો, તે ફિરસ્તો ઘણો કઠણ જાણો. જે કોઇ મોમન થઇ દીકરીને મારે, દીકરી ઉપર આળ ચડાવે, તે ત્યાં રોકાઇ રહેશે. બરફમાં નીતાનીત ટાઢે મરે. નીત સવા પહોર બરફમાં રાખશે.

તે ફિરસ્તાને મેહેર નહી આવશે;
તે માટે મોમનભાઈ એ કામ કરવું નહી.

# ઘાટી ૩૦ મી.

## (સુખી થઇને ક્રિયા નહિ પાળનાર માટે ઘાટી.)

ત્રીસમી ઘાટી મેરૂ પર્વત હેઠે જાણો, પથ્થર કેરી તે ઘાટી કહીએ.

તે પથ્થરની ધાર તલવાર જેવી જાણો, માથે બેસતે વઢાઈ જાવે; ત્યા ફિરસ્તો જગીઆત બેઠો, તે મહા બળવંત કહીએ; દુનિયામાં જે મોમન કહીએ, સુખી થઇને જુમલામાં બેશે, મનમાં કાંઇ શક લાવે, સાહેબના માલની બીક નહિ રાખે, દુઆ વખત ટાણે ખાને ન જાવે, ને મનમાં જાણે જે અમે છુટા, તે માટે એ સુખીને તે ઘાટીમાંહે ઉતારો દેશે; પથ્થરની ધાર ઉપર બેસાડશે, ત્યાં સુખીના હાથ બાંધશે, નીલાડ ઉપર ટીકો કારો દેશે, એવા હવાલ ત્યાં સુખીના થશે; મહાદન સુધી ત્યાં હેરાન થશે. સુણો મોમનો જે સુખી થઇને શાહનો માલ ખાશે અને ખાનામાં આવી દુઆ વખત નહી કરે, તે સુખીના એવા હવાલ થશે.

એ મુનીવર ભાઇ ચેતીને ચાલજો, એવો માનખો નહી આવે વારો વાર.

# ઘાટી ૩૧ મી.

(સુતકની પરહેજ નહિ રાખનાર તથા પર પુરૂષ સાથે
પ્રીત રાખનાર સ્ત્રી માટે ઘાટી

એકત્રીસમી ઘાટી દોહેલી કહીએ. જેવી કોસની ઘરેડી ફરતી જાવે.

તેવી ઘાટી ફરતી રહેવે, જેવી ચરખી કહીએ, તે મહા વસમી કહીએ. ત્યાં ફિરસ્તો જોગણી રહેવે. તે નો ચોસઠ જોગણીનો સરદાર કહીએ, જે સ્ત્રી મોમનની કહીએ તે નાયા ધોયાની જે ચતુરાઇ નહી રાખશે સુતક પાંચ દાહાડાનું કહીએ. તે સુતકની પરહેજ નહી રાખે અને પોતાનો પુરૂષ મેલીને બીજા સાથે પ્રીત બાંધશે, તે સ્ત્રીને એકત્રીસમી ઘાટીમાંહે રોકી રાખશે. તેને નીતાનીત ચરખીએ ફેરાવી સવા પહોર સુધી માર દેશે: એવા હવાલ મહાદન સુધી થશે. તે માટે સ્ત્રાને સુતકની પરહેજ રાખવી. તથા પર પુરૂષને બાંધવ કરી જાણો, જે સ્ત્રી એ ક્રિયા નહી પાળશે,

તેના તો એવા હવાલ થાશે. ઘણી દુખયારી થાશે.

# ઘાટી ૩૨ મી.

( કાચે માસે બાળક પાડનાર માટે ઘાટી. )

બત્રીસમી ઘાટી મહા વસમી જાણો. સ્ત્રી કેરા ગર્ભવાસ પીછાણો.

ગર્ભવાસનાં દુઃખ જેવી તે ઘાટી દોહેલી જાણો. ત્યાં ફિરસ્તો હલકા બેઠો. જે મોમન થઇને કેને બાળક પેટમાંથી કાચે માસે પાડે, તે એ ઘાટીમાંહે રોકાઇ રહેશે. તે સવા પહોર સુધી બાળકની જેમ ગર્ભવાસનું દુઃખ એ ઘાટીમાંહે ભોગવે.

જે કોઇ માણસ મોમન થઇને એવા કામ કરશે, તે ત્યાં એવા દુઃખ પામશે.

# ઘાટી ૩૩ મી.

(જમાતનો મોટો માણસ થઈ ગરીબને દુભવનાર માટે ઘાટી.)

તેત્રીસમી ઘાટી મહા રૂડી દેખાએ, જેમ બજારમાંહે દુકાનું વખાર અપાર કહીએ.

આદમ જાત ત્યાં કોઇ ન લઇએ, માલમાંહે ઘર ભરીયા જાણો, ઉજડ ગામ તે ઘાટી પરમાણો ત્યાં ફિરસ્તો સારી સકી કહીએ; દુનિયામાંહે જે ગરદેરો કહેવાય અને વારસ થઇને ગતમાંહે મોટો થઇને બેઠો મોટો કહેવાય; ખલાત હાજર જોમાની પહેરે, ગત માંહે આવીને કુબુધ્ધિ રાખીને ગરીબને મારે હાજર ઇમામનું ફરમાન નહી માને. તે ગરદેરાને તો એ ઘાટીમાંહે વાસો દેશે. તે માલ સરવે જોશે, પણ ફિરસ્તો માંહેથી ખાવા નહી દેશે, ત્યારે તે બંદો ભુખે મરતો પુકાર કરશે; તેને ફિરસ્તો દીઆણી બાજારે લઇને ભુખે મારશે. તે બંદો ત્યાં તોબા તોબા કરશે, હાથથી ગઇ વખત તે ફરી હાથ નહી આવે, તે માટે વારસ થઇને હાજર જોમાનું ફરમાન નહી માને, હકે નહી ચાલે અને માણસ ઉપરે જુલમ કરશે, તે એ જગ્યામાંહે રહેશે, તે માટે દયા રાખીએ.

કેને ગરીબ ગુરબાને દુવીએ નહી, નહીતો એ ઘાટીમાંહે રોકાઇ રહેશો.

# ઘાટી ૩૪ મી.

(નીયાજ પી કાંકણ બંધાવી તેની લાજ નાહ જાળવનાર માટે ઘાટી.)

ચોતરીસમી ઘાટી જેવી ભાદરવા કેરી રાત જાણો,
જેવા વાદળા ભરેઆ આવે પરમાણો.

કાળા ઉજાળા વાદળા થાવે; ત્યાં ફિરસ્તો મગર રહે છે; જે કોઇ મોમન દુનિયામાંહે નીયાજ પીશે, કાકણ બંધાવશે; ફરી તે ધરમ નીયમની કાંકણુની લાજ નહિ રાખે; વધતો બોલે, પાપ ધરમની સુરતા નહિં રાખે; તે બંદો રાત દિવસ અંધારામાંહે રહેશે; મોમન થઇને ધરમ કરમની ઓળખાણ નહી રાખે.

તે જીવ એ ઘાટીમાંહે રહેશે, ને અંધારામાંહે રહેશે.

## ઘાટી ૩૫મી.

(મારગ છોડી ઉમારગે ચાલનાર માટે ઘાટી.)

પાંત્રીસમી ઘાટી જેમ વારાની ધાર જેવી જાણો, એવી ઘાટી દોહેલી પીછાણો.

ત્યાં ફિરસ્તો વીમર બેઠો; તે ફિરસ્તો મહા વસમુ કહીએ; દુનિયામાંહે જે મોમન કહીએ; તે મારગ છોડી ઉમારગ ચાલે, તે ત્યાં રોકાઇ રહેશે; તેને ફિરસ્તો નીતોનીત સવા પહોર સુધી દુઃખ દેશે; એ વારાની ધાર ઉપર પંથ કરાવશે; તે જો ચાલતા ખાજ માંહે પડે તો સાપ તથા વીછી કરડે અને સત વગર વારાની ધાર ઉપર ચડાએ પણ નહિ; તે માટે જે મોમન સતપંથી થઇને સતપંથ મેલી બીજા પંથમાંહે ચાલે.

તેના એવા હવાલ થશે, તે માટે ચેતી ચાલો એ વીરાભાઇ.

## ઘાટી ૩૬મો.

(સતપંથી થઇ ગત ગંગામાં નહિ આવનાર માટે ઘાટી.)

છત્રીસમી ઘાટી તો અગનની જાણો,
અગનની જાળ આકાશથી આવે.

તે સહી પરમાણો. એવી ઘાટી હોએશી પીછાણો; ત્યાં ફિરસ્તો જોતી રહેવે, બહુ જેમ તે ફિરસ્તાને કેવે; ઘડીએ ઘડીએ લઇને અગનમાંહે ગાળે, તે ફિરસ્તાને મહેર નહી આવે; જે કોઇ સતપંથી મોમન કીલાવે; ગત ગંગામાંહે કંઇએ નહી આવે; તે તો એ ઘાટી માંહે રોકાશે; તેને નીતાનીત અગનમાંહે બારે, મોમન થઇને પરમ થાનકે નહી આવે, ગત ગંગાના દર્શન નહી કરે.

તે ત્યાં એવા દુઃખ પામશે, તે માટે વીરા ભાઇ તમે ચેતીને ચાલો.

# ઘાટી ૩૭ મી.

## (જીવ હીંસા કરનાર માટે ઘાટી.)

સાડત્રીસમી ઘાટી તો એવી જાણો, રાતી લોહી જેવી પીછાણો.

તે સાડા ત્રણ ગાઉમાંહે વહેતી નદી પીછાણો; ત્યાં ફિરસ્તો ખુશી બેઠો, તે ગુનેહગાર જીવને રગતની નદીમાંહે ડુબાવતાં મહેર નહી આણે; તે માટે જે કોઇ મોમન દુનિયા માંહે જીવહીસા કરશે.

તે ત્યાં એવા દુઃખ પામશે, ભાઈ તેણે કરીને ચેતીને ચાલો.

# ઘાટી ૩૮ મી.

## (દશોંદ દેતાં મન વીમાસનાર તથા દશોંદ પુરી નહી દેનાર માટે ઘાટી.)

આડત્રીસમી ઘાટી તો મહા વસમી સાર,
જેમ દરિયા જળ ભરેઆ અપાર.

તે દરિયામાંહે જાજ જાણો; તે જાજમાંહે જે કોઇ ચડીયાઃ પાણી અન્ન વિના તે ભુખે મુઆ; ત્યાં ફિરસ્તો ભુખે સુખાણી રહેવે; જે

કોઇ મોમન દુનિયામાંહે દશોંદી થાએ, તે દશોંદ દેતાં મન વીણાસે; પુરી દશોંદ જે નહી દેશે, તેને એ જાજમાંહે ચડાવશે, તે જાજને આસમાનમાંહે લઇ જાય. પાછો આવીને હેઠે પછાડે ને અતી ઘણા દુઃખ દેવે; તે માટે જે કોઇ મોમન દશોંદ પુરી નહી દેશે, તે અંદાના એવા હવાલ થશે; એવું જાણી તમે દશોંદ મ ભાંગજો, આ દુનિયા તો ચાર દિનનો રંગ છે, દુનિયાની માયા મીઠી કરીને આખરતનો હક ભાંગશો માં.

જે રાહા પીરે પોતાને બતાવી છે, તે માંહે હુશીયાર રહેજો.

# ઘાટી ૩૯ મી.

(હાઝર જોમાને ઓછું કરી જાણનાર માટે ઘાટી.)

ઓગણચાલીસમી ઘાટી તો એવી જાણો,
મહા વસમી તે ઘાટી પીછાણો.

જેવો બળતો કુંડ અગનનો કહીએ, મારગે મારગે બળતો દેખીયે, ત્યાં ફિરસ્તો કલેહર રહેવે, મહા ભુંડો તે ફિરસ્તો કહીએ. જે દુનિયામાંહે મોમન થઇને હાઝર જોમુ તખત સાહેબી તેને ઓછું કરી જાણશે. તે એ ઘાટીમાંહે નીતાનીત બળતો બળતો રહેવે. જે મોમન સાહેબ હાઝર જોમાને માણસ કરી જાણશે, તે અંદો ત્યાં એવા દુઃખ પામશે. એ ભાઈ તમે હાજર જોમાને કાંઇ પણ ઓછો કરી માનશો નહી.

જે જીવ ઓછો કરી જાણશે, તેને એવા દુઃખ થાશે.

# ઘાટી ૪૦ મી.

## (નુર વખત ગુમાવનાર માટે ઘાટી.)

ચાલીસમી ઘાટી નાગફેણની જાણો; જેવા નાગ સંસારમાંહે કહીએ.

તેવી ઘાટી એજ જાણો, ત્યાં ફિરસ્તો ગાલભ રહેવે. ગાલભ ફિરસ્તો બળવંત બહુ કહીએ; જે કોઇ મોમન દુનિયામાંહે નુર વખત ગુમાવશે, નુરને ટાણે જાગશે નહી, નચીતો થઇને સુઇ રહેશે, તેનું જીવતર ફોકટ કહીએ.

તે જીવને ત્યાં સરપ દુઃખજ દેશે; તેણે કરીને વખત વેળા ન ચુકીએ ભાઇ.

# ઘાટી ૪૧મી.

## (જીવનો તથા હાડનો વેપાર કરનાર મોમન માટે ઘાટી.)

એકતાલીસમી ઘાટી તો અતી દોહેલી જાણો, ચુનાના ખુશ જેવી પીછાણો.

જેમ રાત દીન ખુશે પાકે સહી, તેવી ઘાટી દોહેલી કહીએ સહી, ત્યાં ફિરસ્તો નકરો રહેવે, તેને નાક નહીરે ભાઇ. તેનું નામ તો નકરો કહીએ, તે ફિરસ્તો મહા દોહેલો કહીએ, તે ફિરસ્તાને દયા નહી આવે; જે કોઈ દુનિયામાંહે મોમન કહેવાય, જીવનો લોહીનો વકરો કરે, તેને તો નીતોનીત ચુનાના ખુશમાંહે બાળશે; તે બંદા ત્યાં તોબા તોબા કરશે, તેણે કરીને વીરભાઈ ચેતીને ચાલો.

હાડ વકરો કરશો માં, નહી તો તમે ત્યા એવા દુઃખ પામશો સહી.

# ઘાટી ૪૨ મી.

(નાડ વશ નહી રાખનાર માટે ઘાટી.)

બેતાલીસમી ઘાટી એવી વસમી જાણો,
મહા દોહેલી એ ઘાટી પરમાણો.

ત્યાં ફિરસ્તો સુબ રહે છે. તે ફિરસ્તો એક આંખે કાણો છે, તે માટે જે કોઇ મોમન દુનિયામાંહે પોતાની નાડ વશ નહિ રાખે તે એ ઘાટીમાંહે રહેશે. તે ઘાટી લોઢાની કહીએ. તે સાહેબના ફરમાને કરીને રોજ જગતા જેવી તપશે, તે ઉપર બંદાને નીતો નીત ચલાવશે,

તે માટે પોતાની નાડ વશ રાખોરે ભાઇ.

# ઘાટી ૪૩ મી.

(પારકો હક ભાંગનાર માટે ઘાટી.)

તેતાલીસમી ઘાટી ઘણી દોહેલી જાણો;
જેમ કુંભારના ઘરની નીઆઇ પીછાણો.

ચોઆરે જેમ લાગતી આવે જાણો, એવી ઘાટી દોહેલી પીછાણો. ત્યાં ફિરસ્તો કંસભ રહેવે, તે ફિરસ્તો બહુ કાગ જાણો. જેને વળગે તેને ન મેલે; મોમન થઇને પારકો માલ લુટે, જેની પાસેથી લીએ તેને પાછો નહી આપે, મનમાંહે ભ્રાંત બહુ રાખે, તે માટે જે પારકો હક ભાંગે તે બંદાને તો ત્યાં ઉતારો દેશે.

તેને નીતોનીત તે નીભાડામાં બાળશે,
તેણે કરી વીરાભાઇ ચેતીને ચાલો.

# ઘાટી ૪૪ મી.

(અવતાર પાત્રનો હક નહી આપનાર માટે ઘાટી.)

ચુમાલીસમી ઘાટી ઘણી વસમી જાણો,
આસમાન નજીક તે ઘાટી પીછાણો.

તે ઘાટીમાંહે પાણી નહી. ત્યાં તો ચોકી ખુદાએકી રહેવે, જે મોમન દુનિયામાં હાઝર ઈમામને દેખીને એ સાહેબ અવતાર પાત્રનો હક નહી આપશે, તે મોમન એ ઘાટીમાંહે રહેશે; તે ત્યાં તરસ્યો ભુખ્યો બહુ દુઃખ સેહશે.

તે માટે વીચારીને ચેતી ચાલો, નહિ તો એવા દુઃખ પામશો.

# ઘાટી ૪૫ મી.

(પાણીની પુજા કરનાર મોમન માટે ઘાટી.)

પીસતાલીસમી ઘાટી વેતરણી નદી જેવી કહીએ
તે નદીમાંથી કોઇ નીકળી આવે નહી.
ત્યાં ફિરસ્તો પરકાશી રહેવે.
જે મોમન દુનિયામાં પાણીની પુજા કરશે,
તેને ફિરસ્તો નીતોનીત એ નદીમાં ડુબાવશે.

# ઘાટી ૪૬મી.

(નાગને માનનાર મોમન માટે ઘાટી.)

છેતાલીસમી ઘાટી એ જાણો, વેતરણી નદીના પડખામાં પીછાણો.

જેમ ખેરના લાકડાનું જંગલ કહીએ; ત્યાં ફિરસ્તો નાગકેસર રહે છે; જે મોમન દુનિયામાંહે નાગને માનશે, નાગની પુજા કરશે,

તેને એ ઘાટીમાંહે ઉતારો દેશે, તે બંદાને નાગ દીઆણી દુઃખ દેશે.

તેણે કરી વીરાભાઇ ચેતી ચાલો, નહી તો એવા દુઃખ પામશો.

## ઘાટી ૪૭ મી.

### ( પારકો હરામ માલ ખાનાર માટે ઘાટી. )

સડતાલીસમી ઘાટી બહુ વસમી જાણો, જેવો કાઠ સુરેલ પીછાણો.

જે મોમન દુનિયામાંહે કેનો હરામ માલ ખાશે, નાતનો કે પરનાતનો ખાશે, તેને ત્યાં ઉતારો દેશે; તે જેવો સુરેલ કાઠનુ લાકડું તેવા બંદાના હવાલ થાશે; તે માટે વીચારી ચાલજો.

પારકો માલ કોઈ મ વાવરજો, આગલ તો એવા દુઃખ છે ભાઇ.

## ઘાટી ૪૮ મી.

### ( કોઇની બહેન દીકરી વરાવવામાં લાંચ ખાનાર મોમન માટે ઘાટી. )

ઓગણપચાસમી ઘાટી તો બહુ વસમી જાણો;
જેમ પાણી વહે છે સુવર પરમાણો.

તે પાણી માંહે સુવર જેવા જાનવર રહે છે; બીજા જીવ તેનો અંત નહી પાર; તે જીવનાં મોઢાં જેવા સુવર જાણો; ત્યાં ફિરસ્તો કાળા કમની રહેવે; તે ફિરસ્તો જીવને સવા પહોર સુધી પાણીમાં બોડશે; તેને સુવર અતી દુઃખ દેશે; તે માટે જે મોમન પારકી દીકરી તથા બહેનનો વીવા કરશે, તે માંહે પોતે લાંચ ખાઇને દુઃખ માંહે નાંખશે, તે ત્યાં અતી દુઃખ પામશે.

તેને ફિરસ્તો સવા પોર નીત પાણીમાંહે ડુબાવશે તે માટે
વીચારી ચેતી ચાલો.

# ઘાટી ૪૯ મી.

(નુર વખતમાં ગાફલ રહેનાર માટે ઘાટી.)

ઓગણપચાસમી ઘાટી ચસમી જાણો, તે પહેલા આસમાનમાંહે જાણો.

ત્યાં ફિરસ્તો ફરમાની રહેવે, ત્યાં સુરજની ગરમી બહુ લાગે. તે માટે ગુરનું વચન છે જે ખર ઘડી નુરની છે, તે જે ફરમાન પાળશે નહી,

તે જીવ એ ઘાટીમાં રોકાશે, તે માટે વીચારી ચેતીને ચાલો.

# ઘાટી ૫૦ મી.

(મુરશીદની શિખામણ નહી માનનાર માટે ઘાટી.)

પચાસમી ઘાટી મહા વીકટ જાણો, બીજે આસમાને તે પીછાણો.

ત્યાં ચંદ્રમા છે, તેને જમણે પડખે અંધકાર છે; ત્યાં ફિરસ્તો ચંદ્રફરા છે; દુનિયામાંહે જે સતગુર છે, તે હાજર ઈમામની શનાખતની શીખામણ પોતાના મુરીદને દીએ છે, તે શીખામણ જે મુરીદ લેતા નથી,

તે ત્યાં અંધકારમાંહે રોકાશે, માટે ચેતી ચાલો ભાઈ

# ઘાટી ૫૧ મી.

(પીર થઈને રાહ નહિ દેખાડનાર માટે ઘાટી.)

એકાવનમી ઘાટી તો ત્રીજે આસમાને જાણો,
જ્યાથી કુતરસ મલાએક પાછા વળ્યા છે.

દુનિયા પ્રકાશી એહા પણ આગળ નહી પોતા, માટે મુઝરગ થઇ પીર થઇને રાહ નહી દેખાડે તેને એ ઠામે બેસાડશે.

જ્યાંથી મલાએક કાલા વળ્યા તે ઠામ ખાલી છે ને પીરને ત્યાં બેસાડશે.

# ઘાટી પર મી.

## (હકીકતી મોમન માટે ઘાટી.)

બાવનમી ઘાટી એ વીરાભાઇ તે ચોથે આસમાને છે,
જ્યાં મારગ ચાર છે.

પહેલો મારગ તો વૈકુંઠનું જાણો, બીજો મારગ તો દોજકનું જાણો, ત્રીજો મારગ તો દુનિયાનું જાણો, ચોથો મારગ તો હુરાંનો જાણો. ત્યાં હુરાંઉં રમજમ કરતી આવે, નુરના કચોલા સાથે લાવે, બાવનમી ઘાટી એવી સહેલી છે; જે મોમન સત ધરમને અમેઆ કરશે, રસ્તો નહી ભોલશે. તેને ત્યાં બેસાડશે, ત્યાં ફિરસ્તો જબ્રઇલ બેઠો છે તે મોમનને નીયામત આલશે, એવા સુખ ઘણાં દેશે, ભણે પીર સદરદીન દુનિયામાંહે જો એવી કીયા પાળશો,

એ મોમન ભાઇ એવા થઇને ચાલશો, તો ગત જુમલાની જોડે થઇને
અમરાપુરી પામશો.